વર્ષ ૨૦૧૭-૧૮ નવી બાબત

મોડેલ શાળા દાંતાના બાંધકામ માટે રૂ.૧૦૯૫.૮૦ લાખની ગ્રાન્ટ મંજુર કરવા બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૭/ન.બા.૩૬/ઘ

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૩/૦૪/૨૦૧૭

**વંચાણે લીધા :-**

(૧) ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગરનો તા.૦૧/૦૨/૨૦૧૭નો પત્ર ક્રમાંક: ટીડી/ઇ.એમ.આર.એસ/૨૦૧૬/૨૫૬૮.

(૨) માનવ સંસાધન વિકાસ મંત્રાલય ભારત સરકારનો તા.૧૩/૦૪/૨૦૧૫નો પત્ર ક્રમાંક: ૨૦-૧/૨૦૧૪-RMSA-III

**પ્રસ્તાવના :-**

ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા માધ્યમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે વર્ષ ૨૦૧૦-૧૧માં રાજ્યના આદિજાતિ વિસ્તારમાં ૧૨ મોડેલ સ્કુલો સ્થાપવા મંજુરી આપવામાં આવી છે. મોડેલ સ્કુલ એ ડે પ્રકારની શાળા છે મોડેલ સ્કુલ યોજના અંતર્ગત ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા અનાવર્તક ગ્રાન્ટ તરીકે રૂ.૩.૦૨ કરોડ મંજુર કરવાનું નક્કી કરેલ છે. જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારનો ફાળો ૧૨મી પંચવર્ષીય યોજના મુજબ ૨૫ : ૭૫ નક્કી કરવામાં આવેલ છે, જે ૨૫ % ની રકમ અગાઉ રાજ્ય સરકારમાં મંજુર કરેલ છે. હાલ મોડેલ શાળામાં ધોરણ-૬ થી ૧૨ સુધીનું શિક્ષણ પુરૂ પાડવામાં આવે છે. વર્ષ ૨૦૧૫-૧૬ થી ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા સદર યોજના રાજ્ય સરકારને તબદિલ કરવામાં આવેલ છે. જેથી સદર યોજના કાર્યરત રાખવા માટે **રૂ.૧૦૯૫.૮૦ લાખની** નવી બાબતની દરખાસ્તને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગરની મોડેલ શાળા દાંતાના બાંધકામ માટે રૂ.૧૦૯૫.૮૦ લાખ (અંકે રૂપિયા દસ કરોડ પંચાણું લાખ એંસી હજાર પુરા)ની ગ્રાન્ટ મંજુર કરવા અંગેની અને તે પૈકી વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં કરવામાં આવેલ

